ક્રમાંકઃપ્રાશિનિ./નીતિ/૨૦૧૩/બદલી/ક/૫૧૦૨-૪૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન બ્લોકનં.૧૨/૧
ગુ.રા.ગાંધીનગર **તા.૨૪/૬/૧૩**

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, **(તમામ)**
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ, **(તમામ)**

**વિષયઃ**- પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલી કરવા બાબત.
**સંદર્ભઃ**- આ કચેરીની સીંગલ ફાઈલ નંબરઃ૩/૨૦૧૩ ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/ ૨૦૧૩/ક/ ઉપર મળેલ સરકારશ્રીના તા.૧૯/૬/૨૦૧૩ ના આદેશ

ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની વધ-ઘટની બદલી, આંતરિક બદલી/જિલ્લા ફેરબદલીઓની કાર્યવાહી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા. ૨૩/૫/૨૦૧૨ના ઠરાવની જોગવાઈ ધ્યાને લઈ, તા.૨૦/૭/૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવા આથી સૂચના આપવામાં આવે છે.

પ્રવેશોત્સવ દરમ્યાન માન.મંત્રીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ તરફથી મળેલ અભિપ્રાય અનુસાર ઘણી શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. કેટલાક જિલ્લાઓના કેટલાક તાલુકાઓમાં વધુ ખાલી જગ્યાઓ છે. બદલીઓના કારણે શાળામાં વધુ શિક્ષકોની જગ્યાઓ ખાલી થશે. આમ થતા ઊંડાણવાળા, પછાત વિસ્તારો- અંદરના વિસ્તારના તાલુકાઓમાં શિક્ષકોની વધુ ખાલી જગ્યા થશે. આમ થતા બાળકોના શિક્ષણ પર વિપરીત અસર થવા પામે તેમ છે. પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની વધ-ઘટની બદલી આંતરિક બદલી/જિલ્લા ફેરબદલીઓની કાર્યવાહી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા. ૨૩/૫/૨૦૧૨ના ઠરાવની જોગવાઈ ૧૫ (i) " ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની કોઈપણ શાળામાંથી બદલી થાય ત્યારે જો શાળામાં એક કરતાં વધુ ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકની જગ્યા ખાલી હોય અથવા બદલીને કારણે ખાલી પડતી હોય ત્યારે જયાં સુધી અન્ય શિક્ષકની બદલીથી નિમણૂંક અથવા નવી નિમણૂંક ન થાય ત્યાં સુધી બદલીવાળા શિક્ષક/વિદ્યાસહાયક છૂટા કરવાના રહેશે નહીં શાળામાં એક કરતાં વધુ ખાલી

જગ્યા રહે નહીં તેની કાળજી રાખવાની રહેશે." નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જો તા.૨૩/૫/૨૦૧૨ના ઠરાવની ૧૫ (i) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારી/કર્મચારીની જવાબદારી નક્કી કરવામાં આવશે.

જે શાળામાં ધો- ૮ શરૂ કરેલ હોય તેવી શાળાઓમાં ફરજિયાતપણે ગણિત-વિજ્ઞાનના શિક્ષણ માટે બી.એસસી/બી.એડ અથવા બી.એસસી./પી.ટી.સી.ની શૈક્ષણિક લાયકાતવાળા ઓછામાં ઓછા એક શિક્ષકની નિમણૂંક કરવી જરૂરી છે. જેથી આવી શાળામાં બી.એસસી/બી.એડ અથવા બી.એસસી./પી.ટી.સી ની શૈક્ષણિક લાયકાતવાળા શિક્ષક નિમાયેલ ન હોય ત્યાં એક જગ્યા બી.એસસી/બી.એડ અથવા બી.એસસી./પી.ટી.સી.ની શૈક્ષણિક લાયકાતવાળા શિક્ષક માટે ફરજિયાતપણે ખાલી રાખવાની રહેશે. વધુમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષક/વિદ્યાસહાયકની બદલીથી ખાલી પડેલ જગ્યા પર નવી નિમણૂંક/બદલીથી જગ્યા ભરાય નહીં ત્યાં સુધી ગણિત-વિજ્ઞાનના વિષય શિક્ષકને બદલીવાળી જગ્યાએ હાજર થવા માટે છૂટા કરવા નહીં.

ઉપરોકત તમામ બાબતો ધ્યાને લઈ, જે શાળામાં મંજૂર મહેકમ પાંચ કે તેથી ઓછું હોય તેવી શાળામાંથી બદલી થયેલ શિક્ષકની જગ્યા પર નિમણૂંક/બદલીથી શિક્ષક ન આવે ત્યાં સુધી બદલીવાળા શિક્ષકને બદલીવાળી શાળામાં હાજર થવા માટે છૂટા કરવા નહીં.

તમામ પ્રકારની બદલીઓની કાર્યવાહી તા.૨૦/૭/૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરી તેનો અહેવાલ/માહિતી નીચેના પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગના અલગ-અલગ પત્રકમાં તા.૨૫/૭/૨૦૧૩ના રોજ રૂબરૂ મોકલી આપવાનું રાખવું.

**પ્રાથમિક વિભાગ/ઉચ્ચ પ્રાથમિક વિભાગ**

| ક્રમ | વધ-ઘટની બદલી | અરસ-પરસની બદલી | | આંતરિક બદલી | જિલ્લાફેર બદલી |
|---|---|---|---|---|---|
| | | જિલ્લાફેર | આંતરિક | | |
| | | | | | |

તા.ક:- સૌ પ્રથમ વધ-ઘટની બદલી કરવાની રહેશે.

(આર.સી.રાવલ)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર